
# મારું હૃદય

વર્ષ-૨, અંક-૨૨, ૧૫ ઓક્ટોબર, ૨૦૧૧

CIMS®
Care Institute of Medical Sciences

Price ₹ 5/-


**કાર્ડિયોલોજીસ્ટ**

ડૉ. અનિશ ચંદ્રારાણા
(મો) +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨

ડૉ. અજય નાઇક
(મો) +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬

ડૉ. સત્ય ગુપ્તા
(મો) +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦

ડૉ. જોયલ શાહ
(મો) +૯૧-૯૮૨૫૩ ૧૯૬૪૫

ડૉ. રવિ સિંઘવી
(મો) +૯૧-૯૮૨૫૧ ૪૩૯૭૫

ડો. ગુણવંત પટેલ
(મો) +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬

ડૉ. કેયૂર પરીખ
(મો) +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૪

ડૉ. મિલન ચગ
(મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭

ડૉ. ઉર્મિલ શાહ
(મો) +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯

ડૉ. હેમાંગ બક્ષી
(મો) +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧

**કાર્ડિયાક સર્જન**

ડૉ. ધીરેન શાહ
(મો) +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩

ડૉ. ધવલ નાયક
(મો) +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩

ડૉ. દીપેશ શાહ
(મો) +૯૧-૯૦૯૯૦ ૨૭૯૪૫

**પીડિયાટ્રીક અને એડલ્ટ કાર્ડિયાક સર્જન**

ડૉ. શૌનક શાહ
(મો) +૯૧-૯૮૨૫૦ ૪૪૫૦૨

**કાર્ડિયાક એન્સ્થેટીસ્ટ**

ડૉ. નિરેન ભાવસાર
(મો) +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭

ડૉ. હિરેન ધોળકિયા
(મો) +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮

**પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ**

ડૉ. કશ્યપ શેઠ
(મો) +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮

ડૉ. મિલન ચગ
(મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭

**નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ**

ડૉ. અમિત ચિતલીયા
(મો) +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦

**કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ**

ડૉ. અજય નાઇક
(મો) +91-98250 82666




## શુભ દિપાવલી

**સીમ્સ હોસ્પિટલ સર્વે વાચકોને દિવાળીની શુભ કામનાઓ પાઠવે છે. નવા વર્ષમાં તમારૂ આરોગ્ય તંદુરસ્ત રહે તેવી આશા સહ...**

**– સીમ્સ પરિવાર**


## કોરોનરી એન્જિયોગ્રાફી

હૃદયાની ધામાનીઓમાં ઍથેરોસ્કલેરોસિસના હિસાબે અવરોધ આવે છે. આવા અવરોધના લીધે હૃદયને પૂરતું લોહી મળતું નથી અને તેથી પૂરતું પોષણ તેમજ પ્રાણવાયુ મળતાં નથી અને એન્જાયના પેક્ટોરિસ અથવા હાર્ટ ઍટેક સર્જાય છે. એટલે કોરોનરી ધમનીઓમાં ક્યાં અવરોધ થયો છે, તે શોધવું અને એવી બંધ ધમની ખોલવી એ 'કાર્ડિયોલોજિસ્ટ'નું મુખ્ય લક્ષ્ય હોય છે.


હૃદયની આ તપાસ કાર્ડિયાક કૅથેટરાઇઝેશનથી થાય છે. આ કાર્યપદ્ધતિ દ્વારા હૃદયની રક્ત-વાહિનીઓ પહોળી છે કે નહીં એ તપાસવામાં આવે છે. આમ કરતી વખતે હૃદયરોગ નિષ્ણાત હૃદયના


### રેડિયલ આર્ટરી (કાંડાની / હાથની ધમની) એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી

૨૫ વર્ષમાં દિશાઓ બદલાઈ ગઇ. આજે આપણે જ્યારે વર્ષ ૨૦૧૨માં પ્રવેશી રહ્યા છીએ ત્યારે કોરોનરી એન્જિયોગ્રાફી અંગેનો ડોકટરોના અંગત દ્રષ્ટિકોણ પ્રમાણે – ૨૫ વર્ષ પહેલા એટલે કે ૧૯૮૫ માં જે સાથળ (ફેમારેલ)ની પધ્ધતિ અપનાવવાનું શીખ્યા હતા તે હવે પૂરેપૂરી રેડિયલ (હાથની ધમની મારફત) પધ્ધતિ અપનાવતા થયા છે.



૧૯૮૦ના દાયકાના છેવટના ભાગે ફ્રેન્ચ-કેનેડિયન ફિઝિશિયન ડો. લુસીન કેમ્પીઉ એ 'રાઇટ રેડિયલ આર્ટરી'નો ઉપયોગ 'ડાયોગ્નોસ્ટિક કેથેરાઇઝેશન' માટે કર્યો હતો અને ૧૯૯૨ સુધીમાં ડો. ક્રિમેનિઇ અને તેમના સાથીઓએ રેડિયલ આર્ટરીનો ઉપયોગ – ઇન્ટરવેન્શનલ પધ્ધતિ જેવી કે ડિલિવરિંગ બલુન્સ એન્ડ સ્ટેન્ટ્સ માટે કરવાના રસ્તાઓ તપાસ્યા હતા. ડોકટરના અંગત અનુભવની વાત કરીએ તો સીમ્સ હોસ્પિટલના અમારા સાથીઓએ ૨૦૦૦ ના વર્ષથી રેડિયલ તરફનો માર્ગ અપનાવી લીધો છે અને ૨૦૧૧ સુધીમાં ૨૫,૦૦૦ થી પણ વધુ રેડિયલ પ્રોસિજર્સ અમે કર્યા છે, જે ભારતમાં સૌથી વિશાળ સંખ્યામાં એક એવા ગણાય છે અને અમે મહિનાની ૫૦૦ ઉપર રેડિયલ આર્ટરી (હાથની) ધમનીથી પ્રક્રિયા કરીએ છીએ. આ બાબત ઉપર ઇન્ડિયન હાર્ટ જર્નલ અને ગુજરાત મેડિકલ જર્નલમાં પુષ્કળ લેખ અમે લખેલા છે.




અંદરના દબાણને માપે છે. એક્સ-રે કિરણો માટે અપારદર્શક એવી દવા (ડાઈ-Dye) ઇન્જેક્શન દ્વારા હૃદયમાં નાંખે છે. એક્સ-રે દ્વારા હૃદયને લોહી પહોંચાડતી ધમનીઓની ચલચિત્ર જેવી તસ્વીર લે છે અને હૃદય કેટલી વધારે કે ઓછી ક્ષમતાથી ધબકે છે તથા રક્તવાહિનીઓમાં અવરોધ છે કે નહીં તેનું મૂલ્યાંકન કરે છે. આ સિવાય, ઘણી જન્મજાત ખામીઓ માટે વાલ્વની તકલીફો માટે તથા નબળા હૃદયો માટે પણ કાર્ડિયાક કૅથેટરાઇઝેશન થાય છે.

## સામાન્ય ડૉક્ટર અને નિષ્ણાતો વચ્ચેનો ભેદ

જનરલ ફિઝિશિયન, ઇન્વેઝિવ કાર્ડિયોલૉજિસ્ટ અને ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજિસ્ટ (General Physician, Invasive Cardiologist અને Interventional Cardiologist) એટલે શું એનો થોડો ખુલાસો કરીએ.

જે હૃદયરોગ નિષ્ણાતો ફક્ત એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી જેવી પ્રક્રિયાઓ કરે છે તેમને Invasive or Interventional Cardiologist કહેવામાં આવે છે.


જે હૃદયરોગ નિષ્ણાતો આ પ્રકારની પ્રક્રિયાઓ કરતા નથી, ફક્ત રોગોનું નિદાન કરે તેમને જનરલ ફિઝિશિયન અથવા નૉન-ઇન્વેઝિવ કાર્ડિયોલૉજિસ્ટ (Non-invasive Cardiologist) કહેવાય.

જે હૃદયરોગ નિષ્ણાતો શસ્ત્રક્રિયા દ્વારા પ્રક્રિયા કરે છે તેમને 'કાર્ડિયાક સર્જન' કહેવાય.

## કૅથ પ્રયોગશાળા અથવા કૅથ લૅબ

કાર્ડિયાક કૅથેટરાઇઝેશન લેબોરેટરી (કૅથ લૅબ) તરીકે ઓળખાતા એક ખાસ ઓરડામાં કાર્ડિયાક કૅથેટરાઇઝેશન કરવામાં આવે છે. તેની અંદર હોય છે એક્સ-રે અને કૅમેરા સાથેનું એક ખાસ ટેબલ. આ ટેબલ પર દર્દીને સુવડાવવામાં આવે છે. તેની આજુબાજુ એક્સ-રે અને કૅમેરા ગોળ ફેરવી શકાય તેવી રચના હોય છે.

હાથની ધમની વાટે હૃદયમાં કેથેટર નાંખી તે વાટે



**એન્જિયોગ્રાફી ફક્ત સાત સેકન્ડ માં**

વિશ્વનું સૌથી ઝડપી એન્જિયોગ્રાફી મશીન
(ફિલિપ્સ એક્સપર ટેકનોલોજી) સીમ્સમાં ઉપલબ્ધ છે.
આ મશીનમાં ફક્ત ૭ સેકન્ડમાં એન્જિયોગ્રાફીના ફોટા પડે છે.
આજના ઝડપી સમયમાં દર્દી માટે આ ઝડપી સુવિધા

**એન્જીયોપ્લાસ્ટીના સારા પરિણામ માટે સ્ટેન્ટ બુસ્ટ ટેકનોલોજી**

**સીમ્સ કાર્ડિયાક ટીમ ૨૫ વર્ષ કરતાં વધુ અનુભવ સાથે ભારતની અગ્રણી કાર્ડિયાક ટીમ પૈકી એક**

**દર મહિને ૬૦૦થી વધુ કાર્ડિયાક પ્રોસિજર. ગુજરાતમાં ખાનગી ક્ષેત્રે સૌથી વધુ**


ડિજિટલ કૅથ લેબ

એક્સ-રેમાં દેખાય તેવી દવા ઇન્જેક્શન દ્વારા હૃદયની ધમનીમાં દાખલ કરવામાં આવે છે અને તેનું હૃદય ધબકે તેની સાથે પેલો કૅમેરા હૃદયની ધમનીઓનું ચલચિત્ર લઈ, તેને સી.ડી. પર નોંધે છે.

## પ્લમ્બિંગ

પ્લમ્બિંગ એટલે મકાનની પાઇપોનું કામ અને પ્લંબર એટલે પ્લમ્બિંગ કરવાવાળો કારીગર. જેમ પાણીની પાઇપોની અંદર ક્ષાર જામે અને તે બંધ થાય એવી જ રીતે હૃદયની કોરોનરી ધમનીઓ પણ અંદર છારી બાઝવાને કારણે સાંકડી થાય છે અથવા બંધ થઈ શકે છે. આને ઍથરોસ્ક્લેરોસીસ કહેવાય.

તો હૃદયના 'પ્લંબર' એટલે બંધ ધમની ખોલવાવાળા કાર્ડિયોલૉજિસ્ટ હૃદયના પ્લમ્બિંગની ખામીઓ એટલે કે હૃદયની ધમનીઓની અંદરના અવરોધોને શોધે છે!

## હૃદયની ધમનીઓ


આપણે જોયું કે લોહી હૃદયની અંદરથી પસાર થાય છે, તે છતાં હૃદય તેનું પોષણ અને ઑક્સિજન હૃદયની ધમનીઓ'(કૉરોનરી આર્ટરીઝ) નામની ખાસ ધમનીઓમાંથી જ લે છે.

હૃદયની બે મુખ્ય ધમનીઓ હોય છે, હૃદયની ડાબી ધમની અને

ડૉક્ટરો રોગની એવી દવા લખે છે જેની એમને થોડીક જ માહિતી હોય છે.

એ દવા એવા રોગો માટે લખે છે જેની એમને બહુ ઓછી માહિતી હોય.

અને એવી વ્યક્તિઓ માટે લખે છે જેના વિશે એમને કોઈ જ માહિતી હોતી નથી.


૯૦ ટકા બંધ ધમની

હૃદયની જમણી ધમની (Left Coronary Artery - LCA and Right Coronary Artery - RCA) બન્નેનું ઉદ્ભવસ્થાન છે મહાધમની, એટલે કે આપણા શરીરની મુખ્ય ધમની (Aorta). હૃદયની ડાબી ધમનીને ડાબી મુખ્ય ધમની (Left Main) પણ કહેવાય છે. તેના બે ફાંટા પડે છે - - ડાબી બાજુએથી નીચે તરફ ઊતરતી ધમની (લેફ્ટ'ઍન્ટિરિઅર ડિસેન્ડિંગ આર્ટરી, એલ.એ.ડી. LAD) અને ડાબી સર્કમફ્લેક્સ ધમની (એલ.સી.એક્સ., LCX). હૃદયની જમણી અને નીચેની બાજુ લોહી આપતી ધમની (આર.સી.એ., RCA). આ રીતે હૃદયની કુલ ત્રણ મુખ્ય ધમનીઓ છે.

સામાન્ય રીતે અવરોધ આ ત્રણ ધમનીઓમાં પેદા થતા હોય છે. આ અવરોધ પરક્યુટેનિયસ ટ્રાન્સ-લ્યુમિનલ કૉરોનરી એન્જિયોપ્લાસ્ટી એટલે પી.ટી.સી.એ. (Percutaneous Transluminal Coronary Angioplasty or PTCA) દ્વારા ખોલવામાં આવે છે,

સ્વર્ગમાં પ્રવેશ માટે એક ડૉક્ટર, ઇજનેર અને એક વકીલ ઊભા હતા.

ભગવાને કહ્યું, **'એક જ જગ્યા ખાલી છે અને તે જગ્યા સૌથી જૂનો વ્યવસાય ધરાવતી વ્યક્તિને મળશે.'**

**'સૌથી જૂનો વ્યવસાય તો મારો જ.'** ડૉક્ટર બોલ્યા, **'કારણકે પ્રભુએ આદમમાંથી ઇવ બનાવી એ એક ઑપરેશનનો દાખલો કહેવાય. એટલે વાઢકાપ સૌથી જૂનો વ્યવસાય ગણાય.'**

**'ના, ના, પહેલાં મારી વાત સાંભળો.'** ઇજનેર બોલ્યા. **'આદમ અને ઇવ બનાવતાં પહેલા પ્રભુએ અકાશમાં વહેતી ધૂળ અને અસ્તવ્યસ્ત વસ્તુઓમાંથી પૃથ્વી અને તારાનું સર્જન કર્યું, એટલે મારો વ્યવસાય સૌથી જૂનો કહેવાય.'**

**'અરે ભાઈ પણ અવકાશમાં વહેતી ધૂળ અને અસ્તવ્યસ્ત વસ્તુઓ ત્યાં મૂકી કોણે?'** વકીલે પૂછ્યું.

અથવા તો કૉરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટ (Coronary Artery Bypass Graft or CABG) દ્વારા બાયપાસ કરવામાં આવે છે, એટલે કે લોહી માટે નવી નળીઓ નાંખવામાં આવે છે. ઘણી વાર દવાઓથી પણ ઇલાજ થાય છે.

## કાર્ડિયાક કૅથેટરાઇઝેશન કેવી રીતે કરવામાં આવે છે?

કાર્ડિઆક કૅથેટરાઇઝેશન 'આઉટ-પેશન્ટ અથવા ઇન-પેશન્ટ વિધિ હોઈ શકે છે. આઉટ-પેશન્ટ એટલે દર્દી સવારે હૉસ્પિટલમાં આવે, અને સામાન્ય રીતે કૅથેટરાઇઝેશન પત્યા પછી થોડા કલાક આરામ કરીને પાછા જતા રહે. જો દર્દીનું સ્વાસ્થ્ય સારું ન હોય તો તેને દાખલ કરવાની જરૂર પડે.

કૅથેટરાઇઝેશનની પહેલાંના ૬થી ૮ કલાક સુધી દર્દીએ કંઈ જ ખાવું જોઈએ નહિ. તેનો સાથળનો અથવા હાથનો ભાગ હજામત કરીને સાફ કરવામાં આવે છે. દર્દી ખાસ કૅથ લૅબ ટેબલ'પર આવી જાય, એટલે તેને હળવી ઘેનની દવા આપવામાં આવે છે, જેથી તેને આરામ રહે. પહેલા સ્થાનિક બેશુદ્ધિની દવા આપવામાં આવે છે, જેથી કૅથેટર નાંખતી વખતે દર્દીને દુખાવો ન થાય. બે મિ.મિ. પહોળી સ્ટ્રૉ જેવી એક સાંકડી નળી સાથળની ધમનીમાં પેસાડવામાં આવે છે. કૅથેટર આ નળીની અંદરથી પસાર કરી સાથળમાં અને તે પછી મહાધમની મારફત હૃદયમાં પહોંચાડવામાં આવે છે.


કૅથ લેબમાં પ્રોસિજર માટે ખાસ ટીમ જોઈએ.

ડૉક્ટરનું બિલ મળ્યા પછી હંસાબહેને તરત જ ડૉક્ટરને ફોન કર્યો, **'બિલ બહુ છે,'** એ ગુસ્સાથી બોલ્યાં. **'મારા મોન્ટુને તો માત્ર ફ્લુનો તાવ જ આવ્યો હતો.'**

**'તમે મોન્ટુને અહીં ડઝનવાર લઈ આવ્યા છો, બે વખત તો મેં ઘરે વિઝિટ કરી છે.'**

**'તે હું જાણું છું પણ તમે ભૂલી ગયા છો કે તેણે આખી નિશાળને ચેપ લગાડ્યો છે.'** હંસાબહેને ધ્યાન દોર્યું. **'ત્યારબાદ તમારા કેટલાંય દર્દી વધ્યાં એનું શું?'**

શરૂઆતમાં, ખાસ આકારના કૅથેટરને ડાબી મુખ્ય ધમની અથવા હૃદયની જમણી ધમનીમાં પસાર કરવામાં આવે છે. એક્સ-રે વડે ચલચિત્ર લેવામાં આવે છે. કૅમેરાને દર્દીની આજુબાજુ ગોળ ફેરવીને હૃદયની ધમનીઓને જુદા જુદા દૃષ્ટિકોણથી જોવામાં આવે છે અને આ દૃશ્યોનું સીડી ઉપર અંકન કરવામાં આવે છે.

વીજકિરણો વાટે અપારદર્શક દવા (ડાઈ-dye) હૃદયની ધમનીઓમાં અને તેની શાખાઓમાં જતી જોઈ શકાય છે. હૃદયની બીજી ધમનીઓની પણ આ રીતે તસવીર લેવામાં આવે છે. આ આખી કાર્યપદ્ધતિમાં સામાન્ય રીતે ફક્ત ૧૦ મિનિટનો સમય લાગે છે.

## કૅથેટરાઇઝેશન પછી

જ્યારે હૃદયરોગ નિષ્ણાતને નિદાન બાબતે પૂરતો સંતોષ થઈ જાય ત્યારે કૅથેટર અને એની સાથેની નળી કાઢી નાંખવામાં આવે છે. સાથળની ધમનીના છેદને બંધ કરવા માટે નર્સ સાથળને દબાવે છે.


કાંડાની ધમની (રેડિયલ આર્ટરી)માંથી એન્જિયોગ્રાફી કર્યા પછી દર્દી આરામથી બેસી અને હરીફરી શકે છે

પછીથી તેના પર સાદા ડ્રેસિંગ મૂકવામાં આવે છે.

દર્દીએ થોડા કલાકો સુધી પીઠ પર ચત્તા સૂતા રહેવું જરૂરી છે, પણ તેના પછી દર્દી તરત જ ચાલી શકે છે. હાથમાં કરેલી કૅથેટરાઇઝેશન પછી ટૂંકા સમયમાં દર્દી હરીફરી શકે છે.

## સલામતી અને જોખમ

કાર્ડિયાક કૅથેટરાઇઝેશન પ્રમાણમાં સુરક્ષિત છે છતાં તેમાં રક્તસ્રાવ (બ્લીડિંગ), ચેપ અથવા એક્સ-રેમાં દેખાય એવી દવાના ઉપયોગના કારણે એલર્જી વગેરે જેવી તકલીફોનું થોડુંક (૧૦૦૦માંથી ૧ કિસ્સામાં) જોખમ રહે છે. હૃદયરોગનો હુમલો, મૂર્છાવસ્થા અથવા મૃત્યુ જેવી ગંભીર સમસ્યાઓ થવાની શક્યતા ખૂબ જ ઓછી છે. લગભગ ૨૦૦૦માંથી એક દર્દીને થઈ શકે, ખાસ તો જેને હૃદયમાં પહેલાની તકલીફો હોય તેમને.

## સીમ્સ હોસ્પિટલના કાર્ડિયોલોજીસ્ટ ડો. સત્ય ગુપ્તાનું તાજીકીસ્તાન સરકાર દ્વારા સન્માન

ડો. સત્ય ગુપ્તાને મીનીસ્ટ્રી ઓફ હેલ્થ, તાજીકીસ્તાન તરફથી ઇન્ટરવેન્શન કાર્ડિયોલોજી વિભાગનો સેટ-અપ કરવા અને આ વિભાગમાં એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી કરવા માટે આંમત્રણ આપવામાં આવ્યુ હતુ. ડો. સત્ય ગુપ્તા ત્યાં ચાર દિવસ રોકાયા અને ત્યાંના નર્સિંગ સ્ટાફને તાલીમ આપી તથા ત્યાંના ડોકટરોને પણ ઇન્ટરવેન્શનલ દર્દી સાથે કઇ રીતે કાર્ય કરવુ તેની તાલીમ આપી. તેમને ફક્ત બે દિવસમાં સફળતાપૂર્વક ૧૯ ટ્રાન્સ રેડિયલ એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી કરી. ત્યાંના પેથોલોજી ડોકટર પણ દર્દી હતા કે જેમની એન્જિયોપ્લાસ્ટી ડો. સત્ય ગુપ્તા દ્વારા કરવામાં આવી.



આ તાજીકીસ્તાની ના ઇતિહાસમાં પ્રથમ ઘટના હતી કે જ્યાં ટ્રાન્સ-રેડિયલ ઇન્ટરવેન્શનનો ઉપયોગ કરવામાં આવ્યો.

આ સમાચાર ત્યાંની સ્થાનિક ચેનલ અને ન્યુઝપેપર પર પ્રકાશિત કરવામાં આવ્યા. તાજીકીસ્તાન ના રાષ્ટ્રપતિએ ડો. સત્ય ગુપ્તાને તેમને બોલાવ્યા અને તેમની આ સ્કીલ, ઝડપ અને સરળતાથી કરવા બદલ તેમનું સન્માન કર્યુ. રાષ્ટ્રપતિ એ એમ પણ કહ્યુ કે ડો. સત્ય ગુપ્તાનું નામ તાજીકીસ્તાનના ઇતિહાસની બુકમાં લખવામાં આવશે કે ડો. સત્ય ગુપ્તાને એ મધ્ય એશિયામાં પ્રથમ વાર નોબલ વર્ક માટે કામ કર્યુ છે. તાજીકીસ્તાનમાં આવેલી ભારતીય એમ્બેસેડરે પણ ડો. સત્ય ગુપ્તાનું સન્માન કર્યુ. તેમને તાજીકીસ્તાનના હેલ્થ મિનિસ્ટર દ્વારા તે દેશમાં ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીના પ્રોગ્રામનું સંચાલન કરવા માટે પણ આમંત્રણ આપવામાં આવ્યુ.

## સીમ્સ કાર્ડિયાક ટીમ દ્વારા સૌપ્રથમ વાર ચેન્નાઇની એપોલો હોસ્પિટલમાં મીક્સ એમવીઆર



સીમ્સ હોસ્પિટલની કાર્ડિયાક ટીમના ડોકટર્સ ડો. ધવલ નાયક અને ડો. નિરેન ભાવસાર સૌપ્રથમ વાર સપ્ટેમ્બર ૫, ૨૦૧૧ના રોજ ચેન્નાઈની એપોલો હોસ્પિટલ (કાર્ડિયાક સર્જરીની એક અગ્રણીય હોસ્પિટલ)માં મીક્સ એમવીઆર ની સર્જરી (ફક્ત ૩-૪ ઈંચ ના કાપા દ્વારા કરવામાં આવતી હૃદયની સર્જરી) ૩૪ વર્ષની ઉંમરના એક મહિલા પર કરી જે સીમ્સ હોસ્પિટલ માટે ખુબ જ ગૌરવની વાત છે. આ બદલ સીમ્સ હોસ્પિટલ ડો. ધવલ નાયક અને ડો. નિરેન ભાવસારને ખુબ જ અભિનંદન પાઠવે છે.

**ભારતમાં સીમ્સ હોસ્પિટલ સૌથી વધારે મીક્સ (મીનીમલ ઇન્વેઝીવ કાર્ડિયાક સર્જરી)નો અનુભવ ધરાવે છે.**

આજે દિન-પ્રતિદિન રોડ પર અકસ્માતોની સંખ્યા વધતી જાય છે. કેટલીક વાર મોટી ફેક્ટરીઓમાં પણ આકસ્મિક દુર્ઘટનાને કારણે વ્યક્તિ અકસ્માતનો ભોગ બને છે. તમારા ઘરમાં પણ નાના-મોટા અકસ્માતો થતા જોવા મળે છે. કુદરતી આફતોમાં પણ સપ્રમાણ વધારો જોવા મળે છે. આવી આફતોમાં થતી અકસ્માતની સારવાર માટે **સીમ્સ હોસ્પિટલ અત્યાધુનિક ટ્રોમા સેન્ટરની સુવિધા આપના માટે રજુ કરે છે.**

# શુભ ઉદ્‌ઘાટન

## સીમ્સ ટ્રોમા સેન્ટર

**તારીખ અને સમય :**

નવેમ્બર ૨૦, ૨૦૧૧ ને રવિવાર

સવારે ૯.૩૦ કલાકે

**સ્થળ :**

**સીમ્સ હોસ્પિટલ**

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,

સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.

## સીમ્સ ટ્રોમા સેન્ટર ☎ +૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦

**શારીરિક ઇજાથી થતા મૃત્યુ એ બધા પ્રકારના રોગોથી થતા મૃત્યુમાં પ્રથમ છે.**

**કુદરતી ઇજા**

- ભૂકંપ
- સુનામી
- ભેખડ ધસવી, વગેરે

**મનુષ્ય સર્જીત ઇજા**

- રસ્તા પર થતા અને રેલ્વે અકસ્માત
- મારામારી
- કોમી રમખાણો
- બોમ્બ બ્લાસ્ટ
- ફેકટરીમાં સર્જાતા અકસ્માત, વગેરે

૨૪ x ૭ ટ્રોમાં આઇ.સી.યુ. તથા ઓપરેશન થીયેટર

ATLS એડવાન્સ ટ્રોમા લાઇફ સપોર્ટ, અમેરિકન કોલેજ ઓફ સર્જન્સ દ્વારા, પ્રોટોકોલ પ્રમાણે, ક્વોલીફાઇડ ટ્રોમા સર્જનની લીડરશીપમાં અદ્યતન સારવાર

**દર્દીને આધુનિક અને સીસ્ટેમેટીક ટ્રોમા સેન્ટરમાં સારવાર મળે તો ૮૫ % જેટલી જાનહાનિ બચી શકે છે.**

જો તમને કોઇપણ પ્રકારની ઇજા થાય તો
સીમ્સ માં આવો.
સીમ્સ તમારી સાથે છે

**સીમ્સ ટ્રોમા સેન્ટર - પશ્ચિમ ભારતનું પ્રથમ એક્સ્લુઝિવ ટ્રોમા સેન્ટર**

CIMS®
Care Institute of Medical Sciences

સીમ્સ ટ્રોમા સર્જન
ડૉ. સંજય શાહ (મો) +૯૧-૯૮૯૮૦ ૦૦૨૬૫

CIMS®
Care Institute of Medical Sciences

# હેલ્થ ચેક-અપ ડિસ્કાઉન્ટ કુપન્સ

**નવેમ્બર ૩૦, ૨૦૧૧ સુધી જ માન્ય**

## સીમ્સ એડવાન્સ્ડ પ્લસ-૧ હેલ્થ ચેક-અપ
### ફક્ત ₹ ૧૫૦૦૦/-

(નિયમિત ચાર્જ ₹ ૧૮૦૦૦/-
૪૩ ટેસ્ટ જેમાં સમાવિષ્ટ છે
એડવાન્સ્ડ સીટી સ્કેન કેલ્સીયમ સ્કોરીંગ, એન્ડોસ્કોપી (અપર/લોઅર - કોઇપણ એક), ઇકો, ટીએમટી, છાતીનો એક્સ-રે, કેરોટીડ ડોપ્લર અને બીજુ ઘણુ બધુ)

ડિસ્કાઉન્ટ માટે આ કુપન સાથે લાવવી જરૂરી છે

**નવેમ્બર ૩૦, ૨૦૧૧ સુધી જ માન્ય**

## સીમ્સ કોમ્પ્રીહેન્સીવ હેલ્થ ચેક-અપ
### ફક્ત ₹ ૪૨૦૦/-

(નિયમિત ચાર્જ ₹ ૫૦૦૦/-
૨૧ ટેસ્ટ જેમાં સમાવિષ્ટ છે
કાર્ડિયો ડાયાબિટીક, ઇકો, ટીએમટી, છાતીનો એક્સ-રે અને બીજુ ઘણુ બધુ)

ડિસ્કાઉન્ટ માટે આ કુપન સાથે લાવવી જરૂરી છે

**નવેમ્બર ૩૦, ૨૦૧૧ સુધી જ માન્ય**

## સીમ્સ વીમેન વેલનેસ હેલ્થ ચેક-અપ
Think RED for women
### ફક્ત ₹ ૨૦૦૦/-

(નિયમિત ચાર્જ ₹ ૨૫૦૦/-
૧૮ ટેસ્ટ જેમાં સમાવિષ્ટ છે
છાતીનો એક્સ-રે, મેમોગ્રાફી, પેપ સ્મીઅર, અલ્ટ્રા સાઉન્ડ એબ્ડોમીન અને બીજુ ઘણુ બધુ)

ડિસ્કાઉન્ટ માટે આ કુપન સાથે લાવવી જરૂરી છે

## સીમ્સ ક્રિટીકલ કેર - ૨૪ X ૭ સેવા ઉપલબ્ધ

**તમારી કોઇપણ ઇમરજન્સીમાં અમે તમારી સાથે છીએ**

**કાર્ડિયાક, ન્યુરો, ગેસ્ટ્રો, યુરોલોજીકલ, ગંભીર ઇજા, કિડની ફેઇલ, ગંભીર ચેપ અને ઇન્ફેક્શન જેવી ઇમરજન્સીમાં તાત્કાલીક સારવાર**




- શું તમને ઝેરી મેલેરિયા, ડેન્ગ્યુ, કમળો, ક્ષય કે અન્ય વિક્ષાણુજન્ય રોગ થયેલ છે ?
- ખેંચની બીમારી, લકવા, અકસ્માતમાં ઇજા થયેલ છે ?
- ગંભીર બીમારી / કેન્સર છે કે જેમાં ભારે દવાઓ, ડાયાલીસીસ અને વેન્ટીલેટર સારવારની જરૂર છે.
- ભારે રોગના કારણે શરીરના એક કરતાં વધુ અંગ નિષ્ક્રિય થઇ ગયા છે ?
- ફેફસાના, પેટના લોહીના રોગો કે જેમાં એન્ડોસ્કોપી, બીજા વિશેષજ્ઞોની સંગઠીત સારવારની જરૂર છે.

**સીમ્સ ક્રિટીકલ કેર ટીમ**
ડો. વિપુલ ઠક્કર (મો) +૯૧-૯૦૯૯૦ ૬૮૯૩૫
ડો. ભાગ્યેશ શાહ (મો) +૯૧-૯૦૯૯૦ ૬૮૯૩૮

CIMS®
Care Institute of Medical Sciences

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮ (મો) +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ ઇમેલ : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫(૫ નંબર) ફેક્સ: +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૦ (મો) +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૪, ૯૮૨૫૦ ૬૬૬૬૮
ઇમેલ : info@cims.me વેબ: www.cims.me

**એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી : +૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦, ૯૦૯૯૦ ૧૧૨૩૪**

"Maru Hriday" Registered under RNI No. GUJGUJ/2009/28044
Permitted to post at MBC, Navrangpura, Ahmedabad-380009 on the 22nd of every month under
Postal Registration No. GAMC-1731/2010-2012 issued by SSP Ahmedabad valid upto 31st December, 2012

**If undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,

Off Science City Road, Sola, Ahmedabad-380060.

Ph. : +91-79-2771 2771-75 (5 lines)

Fax: +91-79-2771 2770

Mobile : +91-98250 66664, 98250 66668

**'મારૂ હૃદય' નો અંક મેળવવા અંગે :** જો તમારે 'મારૂ હૃદય' નો અંક જોઇતો હોય તો તેની કિંમત ₹ ૬૦ (૧૨ અંક) છે. તેને મેળવવા માટે કેશ અથવા ચેક/ડીડી 'સીમ્સ હોસ્પિટલ પ્રા. લી.' ના નામનો તમારા નામ અને તમારા પુરતા એડ્રેસની વિગત સાથે અમારી ઓફિસ, "મારૂ હૃદય" ડિપાર્ટમેન્ટ, સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ પર મોકલી આપશો. ફોન નં. : +૯૧-૭૯-૩૦૧૦ ૧૦૫૯/૧૦૬૦

## સીપીઆર શીખીને તમારા પ્રિય વ્યક્તિની જિંદગી બચાવો

### (કાર્ડિયોપલ્મોનરી રેસસીટેશન / કાર્ડિયાક મસાજ)



યુએસએમાં સલાહ આપવામાં આવે છે કે દરેક ઘરના પુખ્ત વ્યક્તિ એ જાણતા હોવા જોઇએ કે કાર્ડિયાક મસાજ કઇ રીતે અપાય

હૃદયની ગતિ બંધ પડી હોય તેવા વ્યક્તિને આપવામાં આવતી તાત્કાલિક સારવાર પ્રક્રિયા કે જે કોઇપણ સામાન્ય વ્યક્તિ શીખી અને અપનાવી શકે છે.

સીમ્સ હોસ્પિટલમાં દર મહિનાના પહેલા રવિવારે ૨ કલાક માટે નિ:શુલ્ક સીપીઆર ના ક્લાસનું આયોજન કરે છે.

સમય : સવારે ૧૦ થી ૧૨

વધારે જાણકારી માટે તમારા મોબાઇલમાંથી CPR ટાઇપ કરી તેને નીચેના નંબર પર મોકલો
ડો. ભાગ્યેશ શાહ (મો) +૯૧-૯૦૯૯૦ ૬૮૯૩૮
ડો. વિપુલ ઠક્કર (મો) +૯૧-૯૦૯૯૦ ૬૮૯૩૫


રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો
(મો) +૯૧-૯૦૯૯૦ ૬૬૫૨૭
(મો) +૯૧-૯૦૯૯૦ ૬૮૯૪૩

CIMS®
Care Institute of Medical Sciences

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮
(મો) +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ ઇમેલ : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫(૫ નંબર) ફેક્સ: +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૦
મોબાઇલ : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૪, ૯૮૨૫૦ ૬૬૬૬૮
ઇમેલ : info@cims.me વેબ: www.cims.me

એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી : +૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦, ૯૦૯૯૦ ૧૧૨૩૪

## હૃદયની સર્જરી ફક્ત ૩-૪ ઇંચના કાપાથી




### મીનીમલી ઇન્વેઝીવ કાર્ડિયાક સર્જરી (MICS)

MICS ના અત્યાધુનિક સાધનોથી સુસજ્જ પશ્ચિમ ભારતની પ્રથમ હોસ્પિટલ

**આ હૃદય રોગ સર્જરી (MICS) ના ફાયદા:**

ઝડપી રીકવરી • વહેલા ડીસ્ચાર્જ
ઓછો દુ:ખાવો • કોસ્મેટીક ફાયદો

ક્લાસ ૧૦૦ લેમીનાર એરફ્લો મોડ્યુલર ઓપરેશન થીયેટર્સ

CIMS®
Care Institute of Medical Sciences

તંત્રી, મુદ્રક અને પ્રકાશક ડૉ. અનિશ ચંદારાણાએ ધ હાર્ટ કૅર ક્લિનિક વતી હરિઓમ પ્રિન્ટરી, ૧૫/૧, નાગોરી એસ્ટેટ, ઇ.એસ.આઇ. ડિસ્પેન્સરીની સામે, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ ખાતેથી છાપ્યું અને સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.